# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મોરેશિયસના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત
2) સંસદે તેલક્ષેત્ર નિયમન અને વિકાસ સુધારા ખરડો, 2024 પસાર કર્યો
3) દેશના 776 જિલ્લાઓમાંથી 773 જિલ્લામાં 5G સેવાઓ ઉપલબ્ધ
4) બલુચિસ્તાનમાં બલુચ લિબરેશન આર્મી દ્વારા ટ્રેનને હાઈજેક કર્યા બાદ સુરક્ષા દળોએ 150થી વધુ બંધકોને મુક્ત કરાવ્યા
5) ઉત્તર કાશ્મીરના બારામુલ્લામાં 5મી ખેલો ઇન્ડિયા શિયાળુ રમતોના બીજા તબક્કાનું સમાપન

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FUR. REV. EVE. PM-MAURITIUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત અને મોરેશિયસે તેમની ભાગીદારીને ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધારવાનો નિર્ણય લીધો છે. મોરેશિયસના રાષ્ટ્રીય દિવસના ખાસ પ્રસંગે, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તેમને તેમના મોરેશિયસ સમકક્ષ નવીનચંદ્ર રામગુલામને મળવાની તક મળી.

આજે બીજા દિવસે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેમ્પ ડી માર્સ ખાતે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. સમારોહ દરમિયાન, મોરેશિયસના રાષ્ટ્રપતિ ધરમવીર ગોખુલે ભારત મોરેશિયસ ભાગીદારીમાં તેમના શાનદાર યોગદાન બદલ પીએમ નરેન્દ્ર મોદીને ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ હિંદ મહાસાગર એનાયત કર્યો. સંયુક્ત પ્રેસ નિવેદનમાં, શ્રી મોદીએ કહ્યું કે બંને દેશ ફક્ત હિંદ મહાસાગર દ્વારા જ નહીં પરંતુ પરંપરા અને સંસ્કૃતિ દ્વારા પણ જોડાયેલા છે.

**( બાઈટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી )**

અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની બે દિવસીય સત્તાવાર મુલાકાતના ભાગ રૂપે તેમના મોરેશિયસ સમકક્ષ નવીન રામગુલામ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી હતી. તેમની મુલાકાતના બીજા દિવસે આજે ભારત અને મોરેશિયસ વચ્ચે ઘણા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## BJP-PM AWARD

ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વિશ્વના એક અનોખા નેતા છે, જેમને 21 દેશોનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મળ્યો છે.

(બાઇટ- સુધાંશુ ત્રિવેદી, પ્રવક્તા, ભાજપ)

. . . . . . . . . . . . . . . .

## FUR. REV. LS-OILFIELD BILL

સંસદે તેલક્ષેત્ર નિયમન અને વિકાસ સુધારા ખરડો, 2024 પસાર કર્યો છે. આ ખરડો તેલક્ષેત્ર નિયમન અને વિકાસ અધિનિયમ, 1948માં સુધારો કરશે. તે ખનિજ તેલની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જેમાં કુદરતી રીતે બનતા હાઇડ્રોકાર્બન, કોલસામાંથી મળતા મિથેન અને શેલ ગેસનો સમાવેશ થાય છે. આ કાયદામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ખનિજ તેલમાં કોલસો, લિગ્નાઇટ અથવા હિલીયમનો સમાવેશ કરવામાં આવશે નહીં.

. . . . . . . . . . . . . . . .

## LS-5G

દેશના 776 જિલ્લાઓમાંથી 773 જિલ્લામાં 5G સેવાઓ ઉપલબ્ધ છે. આજે લોકસભામાં એક લેખિત જવાબમાં, સંચાર રાજ્યમંત્રી પેમાસાની ચંદ્ર શેખરે જણાવ્યું હતું કે સરકારે દેશમાં 5G સેવાઓના અમલીકરણ માટે ઘણી પહેલ કરી છે. તેમણે કહ્યું કે, ટેલિકોમ સેવા પ્રદાતાઓ દ્વારા અત્યાર સુધીમાં 4 લાખ 69 હજાર 5G બેઝ ટ્રાન્સસીવર સ્ટેશન સ્થાપિત કરાયા છે. શ્રી શેખરે કહ્યું કે, દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 5G સેવાઓ શરૂ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

## PATIL-GANGA CONSERVATION MEET

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે આજે સંકલિત અને ટેકનોલોજી-આધારિત અભિગમ દ્વારા ગંગા નદીને વધુ સ્વચ્છ અને ટકાઉ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. નવી દિલ્હીમાં ગંગા સંરક્ષણ પર સશક્ત કાર્યદળની 14મી બેઠકની અધ્યક્ષતા કરતા, શ્રી પાટીલે પ્રોજેક્ટ્સના સમયબદ્ધ અમલીકરણ, પ્રદૂષણ નિયંત્રણ પગલાં અને આંતર-મંત્રાલય સંકલનને વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ બેઠકમાં વિવિધ મંત્રાલયો અને રાજ્ય સરકારોના મુખ્ય હિસ્સેદારો હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . .

## DEFENCE MINISTRY ACQUISITION

સંરક્ષણ મંત્રાલયે 2 હજાર 906 કરોડ રૂપિયાના ખર્ચે લો-લેવલ ટ્રાન્સપોર્ટેબલ રડાર, અશ્વિની ખરીદવા માટે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ ગાઝિયાબાદ સાથે મૂડી સંપાદન કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ભારતની હવાઈ દેખરેખ ક્ષમતાઓને વધારવા માટે ઇલેક્ટ્રોનિક્સ અને રડાર વિકાસ સ્થાપના, DRDO દ્વારા આ રડાર સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યું છે. સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં નવી દિલ્હીમાં આ કરાર પર હસ્તાક્ષર કરાયા હતા, જે સંરક્ષણ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા તરફનું વધુ એક પગલું છે.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PAK-BALOCHISTAN

પાકિસ્તાનમાં, બલુચિસ્તાનના કાચી જિલ્લામાં બલુચ લિબરેશન આર્મીના આતંકવાદીઓ દ્વારા 400થી વધુ મુસાફરોને લઈ જતી ટ્રેનને હાઈજેક કર્યા બાદ સુરક્ષા દળોએ 150 થી વધુ બંધકોને મુક્ત કરાવ્યા છે. અત્યાર સુધીમાં, જાફર એક્સપ્રેસના અપહરણમાં સામેલ 27 આતંકવાદીઓ સુરક્ષા કાર્યવાહીમાં માર્યા ગયા છે.

. . . . . . . . . . . . . . .

## HARYANA-BJP VICTORY

હરિયાણાની વિવિધ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના મેયર, પ્રમુખ અને વોર્ડ સભ્યોની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત થઈ છે. ગુરુગ્રામ અને રોહતક સહિત દસ મેયર પદોમાંથી નવ માટે ભાજપે ચૂંટણી જીતી. ફરીદાબાદ મહાનગરપાલિકામાં મેયર પદ માટે ભાજપના ઉમેદવાર પ્રવીણ જોશીએ ઐતિહાસિક જીત નોંધાવી. તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર લતા રાનીને 3 લાખ 16 હજાર 852 મતોથી હરાવીને જીત મેળવી.

. . . . . . . . . . . . . . .

## EVE. KHELO INDIA GAMES

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ગુલમર્ગ ખાતે ચાર દિવસીય 5મી ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સનો બીજો તબક્કો આજે પૂર્ણ થયો. ચાર દિવસીય રમતો 9 માર્ચે શરૂ થઈ હતી, જેમાં દેશભરના હજારો ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, સુરક્ષા દળોના ખેલાડીઓએ પણ રમતોમાં ભાગ લીધો હતો. આજે બપોરે ગુલમર્ગ ખાતે ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2025 ના સમાપન સમારોહને સંબોધતા, કેન્દ્રીય યુવા સેવાઓ અને રમતગમત મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દેશની રમતગમત યાત્રાને તેની ટોચ પર લઈ જવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતે સમગ્ર દેશ માટે રમતગમત વિકાસનો રોડમેપ તૈયાર કર્યો છે અને 2036 માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે સખત મહેનત કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

## SPL WINTER OLYMPICS

ભારતે 12મા સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર 2025માં પોતાના અભિયાનની સકારાત્મક શરૂઆત કરી છે, જેમાં ઇટાલીના તુરિનમાં પહેલા દિવસે બે સુવર્ણ અને બે રજત સહિત ચાર ચંદ્રક જીત્યા છે. સમીર યાદવ અને ભારતીએ બાર્ડોનેચિયા ખાતે સ્નોબોર્ડિંગ ફાઇનલમાં એક-એક સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જ્યારે હેમ ચંદ અને હર્ષિતા ઠાકુરે તે જ ઇવેન્ટમાં પોતપોતાના વિભાગમાં રજત ચંદ્રક જીત્યો હતો.

30 ખેલાડી અને 19 સપોર્ટ સ્ટાફ ધરાવતી 49 સભ્યોની ટુકડી આ ટુર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. આ કાર્યક્રમ 102 દેશોના લગભગ એક હજાર 500 બૌદ્ધિક વિકલાંગ ખેલાડીઓને આઠ રમતોમાં ભાગ લેવા માટે એકત્ર કરે છે, જેનો ઉદ્દેશ્ય રમતગમતની દુનિયામાં સમાવેશ અને પ્રતિનિધિત્વને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . . . .

## CRICKET-ODI RANKING

ભારતની ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ની જીત પછી ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના અનેક ખેલાડીઓએ ODI રેન્કિંગમાં મોટી પ્રગતિ કરી છે, જેમાં શુબમન ગિલ, રોહિત શર્મા અને રવિન્દ્ર જાડેજાને નોંધપાત્ર ફાયદો થયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ની આ જીત સાથે, આજે જાહેર કરાયેલ રેન્કિંગમાં બંને ટીમોના સ્ટાર ખેલાડીઓને પુરસ્કાર આપવામાં આવ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન તેના પ્રદર્શન પછી યુવા ઓપનર શુબમન ગિલ ODI બેટ્સમેન રેન્કિંગમાં ટોચ પર છે.

શુબમનને ફેબ્રુઆરી માટે ICC મેન્સ પ્લેયર ઓફ ધ મન્થ એવોર્ડ પણ અપાયો છે.

. . . . . . . . . . . . . . .